# તેહરીકે ઈસ્લામીનો આરંભિક કાળ

લે. : મૌલાના નઈમ સિદ્દીકી

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# તેહરીકે ઈસ્લામીનો આરંભિક કાળ

આદરણીય સાથીઓ,

હું તમારા સામે અમારા જમાનાની વાત પ્રસ્તુત કરવા માગું છું કે મૌલાના રહ.ના આહવાન્ ઉપર જ્યારે જમાઅતની સાથે અમે જોડાયા તો શું મેળવ્યું ? મૌલાના રહ. તેહરીક માટે કયા પ્રકારના કાર્યકરો તૈયાર કરવા માગતા હતા ? જે લોકો તેહરીકની સાથે શરૂઆતના દિવસોથી જોડાઈ ગયા હતા, તેઓ તો જતા રહ્યા; હવે નવી પેઢીનો જમાનો છે. જરૂર છે કે આ બંને પેઢીઓ દરમ્યાન સંબંધ રહે, અંતર ન રહે. ઇમારત ઊંચી થઈ રહી છે તો ઉપર લાગનારી ઈંટો અગાઉની ઈંટોને અનુરૂપ રહે, જેમ કે કહેવામાં આવ્યું છે કે...

ખશ્તે અવ્વલ ચૂં નહદ મેઅમાર કુજ
તા સુરૈયા મી રૂદ દીવાર કુજ

(અર્થાત્ જો કડિયો પહેલી ઈંટ વાંકી મૂકે છે તો ત્રીજા નક્ષત્ર સુધી દીવાલ જશે તો તે વાંકી જ હશે.)

હું એક બીજી વાત કહેવા માગું છું કે કડિયાએ ભલે પહેલી ઈંટ સાચી મૂકી હોય, પણ બીજી ઈંટ સાચી ન હોય તો પણ દીવાલ વાંકી થઈ જાય છે. દીવાલ ત્યારે જ સાચી અને સીધી હોય છે, જ્યારે દીવાલ પરના બીજા થર પહેલા થર અનુસાર હોય, નહિં તો આખી ઈમારત વાંકી થઈ

જશે. હવે હું પહેલી ઈંટ અને પહેલા થરની દાસ્તાન સંભળાવવા માગું છું. હું બતાવવા માગું છું કે અમારો આરંભિક જમાનો કેવો હતો ?

સૌથી પહેલી વસ્તુ રુક્નિયત (સભ્યપદ, રુક્ન હોવું) હતી. કોઈપણ વ્યક્તિનું જમાઅતની સાથે સંલગ્ન થવાનું આ પ્રથમ પગલું છે. આ કાળમાં જે લોકો પણ જમાઅતના નજીક આવતા હતા, તેઓ સૌથી પહેલાં જમાઅતની દા'વત (સંદેશ)ને સમજતા હતા, પછી તેમનું ઈમાન તેમને જમાઅતમાં સામેલ થવા માટે ઉત્પ્રેરિત કરતું, ત્યારે તેઓ 'રુક્નિયત' માટે નિવેદન-પત્ર આપતા હતા. જમાઅતની રીત એ હતી કે જે વ્યક્તિ રુક્નિયતનો ઉમેદવાર હોય, તેને રાહ જોવા માટે કહેવામાં આવતું. આ ઇંતેજાર ટાળવા માટે નહીં, બલ્કે પરીક્ષણ કરવા માટે હતો કે એ સાહેબ ભાવનાઓથી અભિભૂત થઈને તો નથી આવી ગયા ને ! અથવા તેમણે સંપૂર્ણ સાન-ભાન સાથે, જાગૃતાવસ્થામાં ઠંડા હૃદયે જમાઅત સાથે જોડાવાના તકાદાઓને સમજી લીધા છે ? તેમના ચરિત્રને જોવામાં આવતું, તેમના સ્વભાવની જાંચ થતી, અને આ પરીક્ષણ મહિનાઓ સુધી ચાલતું રહેતું. કેટલાક સારા-સારા લોકોને આ બાબતે ભ્રમ થયો અને અમારા ચાલાક અને હોંશિયાર વિરોધીઓએ તો જાણી-જોઈને રુક્નિયત આંપવાની આ રીતને લઈને જમાઅતને એક ષડયંત્રકારી ક્રૂર અને હિંસક તહેરીક સાબિત કરવા માટે ખૂબ મજબૂત તર્ક ઘડી લીધો અને ખૂબ પ્રોપેગેન્ડા કર્યો.

જો કે અમારા આરંભિક સાહિત્યમાં સ્પષ્ટ કરી દેવામાં આવ્યું હતું કે વર્તમાન સમાજમાં, જ્યાં ન માત્ર ભાત-ભાતના મુસલમાનો જોવા મળે છે, બલ્કે કોઈ ઇસ્લામી ઉદ્દેશ્ય માટે પૂરજોશ રીતે સહેજ પોકારો તો દરેક

પ્રકારના લોકો નામ લખાવવા માટે ઊભા થઈ જશે; પાછળથી જુદા-જુદા પ્રકારનાં સ્વભાવ અને ચરિત્ર ધરાવતા આ મુસલમાનોમાંથી દરેક વ્યક્તિ ઉદ્દેશ્યની રાહમાં રુકાવટ બની જશે, તેથી તહેરીકના પ્રવર્તક અને તેના સાથીઓએ વિચાર્યું કે જોશના બદલે હોશની રીત અપનાવવામાં આવે તથા ઉતાવળના બદલે સહજ રીતે કામ લેવામાં આવે. આ દરમ્યાન તેમને જમાઅતની સાથે કામ કરવા માટે કહેવામાં આવતું અને તેનાથી અનુમાન કરવામાં આવતું કે જમાઅતના લક્ષ્યની સાથે તેમનો લગાવ કેવો છે.

ત્યારબાદ શપથ લેવાનો સમય આવતો. અત્યારની સ્થિતિ તો નથી જાણતો, પણ અમારા સમયે રુક્નિયતની શપથ રુક્નિયતના ઉમેદવાર માટે જાણે કયામતનો સમય લાગતો હતો. તે જાણી-સમજીને દીનની જવાબદારીઓ ઉઠાવવા અને નિભાવવાનું વચન લેતો. અનુમાન લગાવી શકાય છે કે જે વ્યક્તિએ આ જવાબદારીઓનું મહત્ત્વ અને તેની નજાકતને સમજી લીધી હોય, શપથ લેતી વખતે તેની કેફિયત શું હશે ? જવાબદારીના અહેસાસથી તેના પર પહેલી અસર તો એ થતી કે શપથ લેતી વખતે તે કાંપતો અને ધ્રુજતો હતો. ક્યારેક અમે જોયું કે વ્યક્તિનો અવાજ જ તેના મોઢામાંથી નીકળતો નહોતો. તે અમુક શબ્દો બોલે તો તેની આંખોમાંથી આંસુઓની ધાર વહેવા લાગતી. તેને એવું લાગતું કે જાણે તે અરકાન ઇજ્તિમાઅમાં નથી, બલ્કે અદાલતમાં ઊભો છે અને પોતાની કારકિર્દીનો જવાબ આપી રહ્યો છે. આ એક ખાસ મનોસ્થિતિ ઘણાં સમય સુધી જમાઅતમાં રહી અને જમાઅતની પ્રથમ હરોળ આવા લોકોથી બની હતી.

ત્રીજો તબક્કો ઇહતિસાબ (ઉત્તરદાયિત્વ, કારકિર્દી અંગે પૂછપરછ

અને હિસાબ-કિતાબ)નો હતો. એ જોવામાં આવતું હતું કે જે લોકો જમાઅતમાં આવ્યા છે, તેઓ નિર્ધારિત ધોરણ અને માપદંડ ઉપર છે કે નહીં. જો તેઓ સહેજ પણ માપદંડથી નીચે જતાં તો બધાની નજર તેમના તરફ ઉઠતી અને તેમને સાંત્વના આપવા અને સંભાળવા માટે સાથીઓના હાથ આગળ આવી જતા. તેમની સુધારણા માટે સૌ ચિંતિત થઈ જતા. પરંતુ જો તેઓ તમામ સહાય અને મદદ છતાં પોતાની સુધારણા ન કરતા, તો પછી એ વાતની દરકાર કરવામાં ન આવતી કે અમારી સંખ્યા ઓછી થઈ જશે, બલ્કે કેવળ સિદ્ધાંતો, મૂલ્યો અને નિયમો ઉપર નજર રહેતી. તેમને વિનંતી કરવામાં આવતી કે હાલ પૂરતાં તમે રુકૂનિયતથી આઝાદ રહીને કામ કરો.

હવે જો બગાડ ચાલુ રહે અને કોઈ પૂછપરછ ન થાય તો તે જમાઅતની શિસ્ત અને અનુશાસન માટે દુર્ભાવિના છે. શિસ્ત અને વ્યવસ્થા આવા દંભથી નષ્ટ થઈ જાય છે. તેથી અમારા જમાનામાં જે કોઈએ પણ શિસ્ત અને અનુશાસનને તોડ્યા તેની પૂછપરછ કરવામાં આવી. અમારી મૂળ ચિંતા જમાઅતને બચાવવાની રહેતી હતી.

શરૂઆતના કાળમાં ચોથી બાબત એ હતી કે જે કોઈ વ્યક્તિ જમાઅતમાં દાખલ થતો હતો, તેને સૌથી પહેલાં દીનનું જ્ઞાન અને પરિસ્થિતિની સમજની ચિંતા થતી હતી. એક લાગણી ઉભરતી હતી કે દીનનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે, કેમ કે સાચા જ્ઞાન વિના સાચું આચરણ સંભવ નથી. અમે સ્વયં પણ રુચિથી, રસપૂર્વક અને ખુશી-ખુશી સાહિત્યનો અભ્યાંસ કરતા અને બીજા સાથીઓને પણ તેનું પ્રોત્સાહન આપતા. કોઈ મજલિસમાં બેસતા તો અમારી ઇચ્છા એ રહેતી કે બીજી વાતોની સાથે

દીનની પણ વાતો થાય. અમને જ્ઞાનીઓની સોબતનો શોખ થતો હતો, જેથી દીનની દા'વત અમારા દિલ અને દિમાગમાં દૃઢ થઈ જાય, સમજ અને જ્ઞાનમાં વધારો થાય તથા એ વાતની ખબર પડી જાય કે દીનની દા'વતના તકાદાઓ શું છે. વિશેષ કરીને મુતાલિઆ-કુર્આન અને હદીસ (કુર્આન અને હદીસના અભ્યાસ) દ્વારા અમે એ જાણવાની લગન રાખતા હતા કે એ કઈ વસ્તુઓ છે, જે અમારા જીવનને ઈસ્લામી બનાવે છે અને કઈ વસ્તુઓથી અમારે દૂર રહેવું જોઈએ અને બચવું જોઈએ અને કઈ બાબતોથી અમારું જીવન જાહિલી (અજ્ઞાની) જીવન બને છે અને તેના સાથે-સાથે તેહરીકના મામલાઓ, આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમો, પ્રચલિત દુન્યવી બાબતો અને વિરોધીઓની દલીલો અને ચર્ચાઓ અને વિચારોને પણ અમે જાણવાનો પ્રયત્ન કરતા હતા.

મને યાદ છે કે એ જમાનામાં અમે સાહિત્યનો એટલા શોખ અને અભિરુચિથી તથા તલ્લીનતા અને એકચિત્તે અભ્યાસ કરતા અને બીજા લોકોને સંભળાવતા હતા કે તેના અમુક ભાગો તો મોઢે યાદ થઈ ગયા છે. સાહિત્ય આપણી તેહરીકની રૂહ છે, તેનું દામન જો છોડી દેવામાં આવે તો આપણે આપણી રૂહથી કપાઈને રહી જઈશું, પછી ભૂતકાળ અને વર્તમાન વચ્ચે કોઈ સંબંધ બાકી નહીં રહે. આજે પણ મને ભય છે કે જો આપણે કુર્આન અને સુન્નતના પ્રકાશમાં સાહિત્યના અભ્યાસમાં ચૂક અને આળસ કરીશું તો તે સમય દૂર નથી કે આપણાં જવાબદારીભર્યા પદો અને હોદ્દાઓ ઉપર એવા લોકો આવી જશે, જે આપણી દા'વત (સંદેશ) અને આપણા સાહિત્યથી અજાણ હશે.

પાંચમી વાત હું એ પ્રસ્તુત કરવા માગું છું કે અમારા જમાનામાં પોતાના જીવનની વારંવાર સમીક્ષા અને વિશ્લેષણ કરવામાં આવતું હતું. એ વાતની ચિંતા કરવામાં આવતી હતી કે અમારા જીવનમાં કોઈ ખોટી અને નાજાયઝ (અનુચિત, અયોગ્ય) વાત તો દાખલ થઈ ગઈ નથી ને ! જો ખબર પડતી કે ફલાણી વસ્તુ અમારા જીવનમાં ખોટી છે, તો ત્યાં સુધી અમે ચેનથી બેસતા નહીં, જ્યાં સુધી તેને પોતાના અંદરથી કાઢીને ફેંકી ન દઈએ. મિંયા સાહેબે (મિંયા તુફૈલ મુહમ્મદે) વકીલાત છોડી દીધી, ચૌધરી અલી અહમદખાં મર્હુમે પોલીસની નોકરી છોડી દીધી. ટૂંકમાં, જે વ્યક્તિ પણ જમાઅતની નજીક આવતો અથવા તેનો રુક્ન બનતો, તે સૌપ્રથમ પોતાના જીવનનું અવલોકન કરીને ખોટી કે નાજાયઝ અને અલ્લાહને નાપસંદ વસ્તુઓને પોતાના જીવનમાંથી બહાર કાઢી નાખતો. મેં પોતે પણ મારા જીવનનું નિરીક્ષણ કર્યું અને મારી એ વસ્તુઓથી છૂટકારો મેળવી લીધો, જે મને ખૂબ પસંદ હતી, પણ દીનમાં નાપસંદ હતી. અમે ફિકહી છૂટછાટોને કદી શોધી નહોતી. જે વસ્તુ કુર્આન અને સુન્નતથી સાબિત થઈ ગઈ, પછી તેને ન સ્વીકારવું અમારા માટે મુશ્કેલ બની જતું હતું.

આ પૂરોગામીઓની ભાવના હતી, જેનું વહન અનુગામીઓમાં થવું જોઈએ. તેહરીકનું સાતત્ય આનાથી જ કાયમ રહેશે.

છઠ્ઠી વસ્તુ સાથીઓ માટે ઊંડો પ્રેમ અને શુભાશયની ભાવના છે. દારુસ્સલામ (જમાઅતનું કેન્દ્રીય સ્થાન)માં અમુક જ સાથીઓ હતા, પણ તેમની હાલત એક-બીજાને સહારો, હિંમત અને પ્રેરણા આપનાર, પરસ્પર સહાનુભૂતિ દાખવનાર દર્દમંદ જૂથ જેવી હતી, જેઓ પોતાનાથી વધારે

બીજાઓ માટે વિચારતા હતા. અમે અલ્લાહ માટે મળતા અને અલ્લાહ કાજે બેસતા અને દીનના સિવાય અન્ય કોઈ ગરજ અમારા દરમ્યાન નહોતી. આ જ વાત જમાઅતની મજબૂતાઈ અને સ્થાયીત્વનું કારણ બની. પારસ્પારિક પ્રેમની આ ભાવનાએ જમાઅતે ઈસ્લામીને સીસું પાયેલ દીવાલ બનાવી દીધી. કોઈ એકને તકલીફ થતી તો સૌને પીડા થતી. જમાઅત આ જ ભાવનાથી ફૂલીફાલી.

સાતમી વસ્તુ હું તમારા સામે એ બતાવવા માગું છું કે અમારામાં વડીલોનો આદર પેદા કરવામાં આવ્યો. આજે યુવા નેતૃત્વના નારાઓ ક્યાંક-ક્યાંકથી સાંભળવામાં આવે છે, પણ જમાઅતમાં જ્યારે અમે સામેલ થયા હતા તો અમે પણ યુવાન હતા; પણ અમે કદી વિચાર્યું પણ નહોતું કે વડીલોની સામે અવાજ ઊંચો કરવામાં આવે. અમે સમજતા હતા કે અમને જે કંઈ મળશે, વડીલોના આદર અને તેમના માન-સન્માનથી જ મળશે. આ રીતે અમે તેમનાથી લાભાન્વિત થયા. મોટાઓ માટે આદર-માનની ભાવના જમાઅતને મજબૂતાઈ આપે છે. જે લોકોએ જમાઅત માટે બલિદાનો આપ્યા છે તેમના સામે અમારા માથાં જ નહિં, અમારા હૃદય પણ ઝૂકતા હતા. જો પુરોગામીઓની કદર કરવામાં નહીં આવે તો ઝંઝીર તૂટી જશે.

આઠમી વાત એ છે કે અમારામાં જમાઅતના સંદેશને ફેલાવવાની તડપ હતી. એ ઉત્કટ ભાવના હતી કે જે સત્ય અમને પ્રાપ્ત થયું છે, તે બીજા લોકો સુધી પણ પહોંચી જાય. ચાલતા-ફરતા, કાર્યાલયો, દુકાન, એમ દરેક ઠેકાણે અમને દા'વતને ફેલાવવાની લગન રહેતી હતી. ઘરમાં બેસતા તો બાળકોને દીનની તાલીમ આપતા. એ વાતની ચિંતા કરતા કે અમારું કોઈ

વર્તન એવું ન હોય કે જેનાથી બાળકોને ખોટી શીખ મળે. એક વાર મારી પત્ની અને મેં, બંનેએ એ શપથ લીધા કે અમે ઘરમાં કદી જૂઠ નહીં બોલીએ, જેથી બાળકોના હૃદયોમાં એ વાત બેસી જાય કે જીવન કેવળ સાચું બોલવાનું નામ છે. અમારી ટેવ હતી કે અમે ઇજ્તિમાઅથી ઘરે આવતા તો ઇજ્તિમાઅનું વૃત્તાંત સૌથી પહેલા પોતાના ઘરમાં વર્ણવતા. આ રીતે અમારા ઘરનું વાતાવરણ અમારા માટે અવરોધરૂપ બનવાને બદલે સાનુકૂળ બનતું ગયું.

પછી ઘરેથી બહાર નીકળતા તો દા'વત આપવા કામ લાગે એવી કોઈને કોઈ વસ્તુ અમે અમારા પાસે જરૂર રાખતા. અમે લોકો પાસે સામેથી ચાલીને જતા, એ આશા ન રાખતા કે તેઓ અમારા પાસે આવશે. જમાઅતનું દરેક કામ સ્વયં કરતા. આનાથી અમારી તેહરીકી ભાવના વધુ મજબૂત થતી. પોતાના હાથે પોસ્ટર લગાવવાથી જે ભાવના ઉભરે છે, તે ભાડેથી લગાવડાવવાથી નથી ઉભરતી. દારુસ્સલામના નજીકના ગામમાં અમે દા'વત માટે હર્યા-ફર્યા. સ્વયં મિયાં સાહેબ (મિયાં તુફૈલ મુહમ્મદ) પણ ફરતા હતા. એ જ રીતે પાકિસ્તાન પહોંચ્યા તો અછરહ ગામનો એક-એક મહોલ્લો ફરી વળ્યા. અમને એ વાતની કોઈ પરવા નહોતી કે કોઈ અમારી દા'વત કબૂલ કરશે કે નહીં. અમારા મનમાં કેવળ એક વાત બેસી ગઈ હતી કે અમારે તો અમારી વાત પહોંચાડવી છે.

નવમી વાત એ હતી કે અમારા હૃદયોમાં શિસ્ત અને અનુશાસનનો ખૂબ જ આદર હતો. ઉપરથી કોઈ સૂચના આવતી તો તેના પાલન માટે દરેક સંભવ પ્રયાસ કરતા. સાંભળીને તરત જ પાલન કરવાના આત્માને વ્યવહારૂ રૂપ આપવાનો પ્રયત્ન કરતા. ઇજ્તિમાઓમાં ફરજિયાત હાજર

રહેતા, સિવાય કે કોઈ સાચું અને ખરેખર કારણ હોય. નિર્ધારિત સમયે ઇજ્તિમાઅ સ્થળે પહોંચી જતા. અમે ક્યારેય ખોટું બહાનું નથી બનાવ્યું. કોઈ મોડો પડી જતો તો ખૂબ જ શરમ અને પશ્ચાતાપની સાથે કારણ દર્શાવતો. ઇજ્તિમાઅમાં મૌન અને આદરથી બેસતા.

દસમી વાત એ છે કે આ યુગમાં હોદ્દાઓની કોઈ કલ્પના નહોતી. કોઈ જવાબદારી (હોદ્દો) કોઈના ઉપર નાખવામાં આવતી તો તે તેનાથી દૂર ભાગવાની કોશિશ કરતો, હજાર બહાનાઓ રજૂ કરતો, કેમ કે નજર જવાબદારી પર રહેતી, ઉત્તરદાયિત્વ પર રહેતી, હોદ્દા પર રહેતી નહોતી. હોદ્દાઓના મામલામાં ખૂબ જ સાવધાની રાખવામાં આવતી. હોદ્દાઓથી દૂર રહેવાનું વલણ હતું. જવાબદારીનું નામ લેવામાં આવતું તો દરેક વ્યક્તિની સામે પોતાની ખામીઓ અને કમીઓ એક-પછી-એક આવીને ઊભી થઈ જતી.

અગિયારમી વાત એ છે કે બૈતુલમાલ અંગે ખૂબ કાળજી રાખવામાં આવતી હતી. એ અહેસાસ હંમેશા છવાયેલો રહેતો કે બૈતુલમાલનો એક પૈસો પણ અમારા હાથે વ્યર્થ ન થઈ જાય. હઝરત ઉમર રદિ.નું એ કથન જાણે મૂર્તિમંત થઈને અમારી સામે રહેતું કે બૈતુલમાલ 'માલે-યતીમ' (અનાથનો માલ) છે. ઇઆંનત (સહયોગ)ની વસૂલીમાં તાકીદ અને તત્પરતાથી કામ લેતા. ઇઆનત લેવાનો અર્થ કેવળ ઇઆનત લેવાનો નહોતો થતો, બલ્કે ઇઆનત આપવાવાળાને દીનની દા'વતથી નજીક કરવાનો થતો હતો. ઇઆનતની વસૂલીને મામૂલી કામ સમજવામાં ન આવે. તે લોકોને નજીક લાવવાનું માધ્યમ છે. તેનાથી દા'વત ફેલાય છે અને એનાથી

દુર્લક્ષ જાણે દા'વતથી દુર્લક્ષ સેવવું છે.

બારમી વાત એ છે કે આ જમાનામાં ગીબત (નિંદા) અને કાન-ભંભેરણી જેવી કોઈ વાત થતી નહોતી. કોઈના વિશે, ત્યાં સુધી કે વિરોધીઓ વિશે પણ મોઢેથી અનુચિત અને અશોભનીય વાત કાઢવામાં આવતી નહોતી. કેન્વાસિંગથી એ રીતે બચવામાં આવતું કે જાણે આગથી બચવામાં આવે છે. એ વાત યાદ રાખો કે જે વ્યવસ્થામાં કેન્વાસિંગ, પીઠ પાછળ નિંદા અને કાન-ભંભેરણીમાં પ્રવેશી જાય, તો તે તેની એકતા અને સંપને વેરવિખેર કરી નાખે છે. આ ઉધઈ સમાન હોય છે કે બાહ્ય રીતે લાકડું સારું દેખાતું હોય છે, પણ એક દિવસ અચાનક ધડામ દઈને નીચે પડી જાય છે.

તેરમી વાત એ છે કે તે સ્વયંસેવકોનો જમાનો હતો, જે પૂર્ણ સમયના કાર્યકરની સરખામણીએ વધારે અસરકારક છે. હવે તો બધો બોજ પૂર્ણ સમયના કાર્યકર ઉપર નાખવાનું વલણ થઈ ગયું છે.

પરંતુ આ વલણ કામની ભાવના અને લગનને સમાપ્ત કરી નાખે છે. એ વાત પોતાની જગ્યાએ સાચી છે કે થોડાઘણાં પૂર્ણ સમયના કાર્યકરોની જરૂરત હોય છે. પરંતુ એક તો સામાન્ય કારકુનોમાં એ ભાવના રહેવી જોઈએ કે ખરું કામ કરનારી તાકાત સ્વયંસેવી કારકુનોની છે. બીજી વાત એ છે કે એક સાથે કામ કરનારા પૂર્ણ સમયના કાર્યકરોમાં અમલદારશાહીના રંગઢંગ પેદા ન થવા જોઈએ અને એની રીત એ છે કે તેઓ ક્યારેક-ક્યારેક સામાન્ય કારકુનોની સાથે કામ કરે, ચાહે અઠવાડિયામાં એક વાર કે મહિનામાં બે વાર. આ મારો અંગત મત છે.

ચૌદમી વાત એ જમાનામાં એ હતી કે દરેક મહત્ત્વના મામલામાં

સલાહ-મશ્વરો કરવામાં આવતો હતો. સલાહ-મશ્વરો જાણે વ્યવસ્થાનો પ્રાણવાયુ હતો. જ્યારે સલાહ માગવામાં આવતી તો પૂર્ણ નિખાસલતાથી અને પ્રમાણિકતાથી પોતાનો અભિપ્રાય આપવામાં આવતો હતો. તેમાં કોઈ કચાશ નહોતી રાખવામાં આવતી, પરંતુ વિવેક અને શિષ્ટતા જરૂર રહેતી હતી; પછી જયારે નિર્ણય લઈ લેવામાં આવતો તો એ લોકો પણ તેને સહૃદય કબૂલ કરી લેતા, જેઓ ચર્ચા વખતે પોતાના મતમાં જોશ દાખવતા હતા.

આવી જ રીત તનકીદ (ટીકા, વિવેચન, સમીક્ષા) અને ઇહ્‌તિસાબ (પૂછપરછ, હિસાબ-કિતાબ)માં રહેતી. આ પંદરમો મુદ્દો છે. તન્કીદ અને ઇહ્‌તિસાબમાં કમી આવી જાય તો સંગઠન પોતાની ખામીઓથી ક્યારેય વાકેફ નથી થઈ શકતું. તનકીદ કરનાર નિખાલસતાથી તનકીદ કરતા હતા અને જેમના ઉપર તનકીદ કરવામાં આવતી તેઓ વિશાળહૃદયે અને ધીરજથી તેને સાંભળતા હતા. મૌલાના રહ.એ આ સંદર્ભમાં શ્રેષ્ઠ ઉદાહરણ પ્રસ્તુત કર્યું હતું. તેમણે પોતાના ઉપર કડકમાં કડક તનકીદ સહન કરી, પણ કોઈને ટોક્યા નહીં. પરંતુ એ યાદ રાખો કે તનકીદ નિખાલસ હોવી જોઈએ. તેમાં સ્વાર્થપરાયણતા અને અહંભાવનો એક અંશ પણ ન હોવો જોઈએ. પોતાના સાચા અભિપ્રાય ઇજિતમાઅમાં દર્શાવો, પરંતુ તેને આમતેમ ગમે ત્યાં દર્શાવવા ન જોઈએ. તનકીદ સાંભળનારે પણ વિશાળહૃદયી અને ઉદાર હોવું જોઈએ, અને તનકીદનો એ અર્થ ન કાઢવો જોઈએ જેના દ્વિઅર્થ થતા હોય.

સોળમી વાત એ છે કે આપણા મતમાં પૂર્ણ એકરૂપતા હોવી જોઈએ. અમારા જમાનામાં મન એવી રીતે ઢળી ચૂક્યા હતા કે ખૈબરથી કરાંચી સુધી

દરેક કારકુનનો વિચાર શબ્દો સહિત એકસમાન રહેતો હતો. જમાઅતોમાં વૈચારિક સમાનતા તેમના ઉજ્જવળ ભાવિની એક નિશાની હોય છે. સરકાર હોય તો તેની કેબિનેટ તથા રાજકીય પક્ષ હોય તો તેની કારોબારી સમિતિની પ્રથમ હરોળ જો તમામ ચર્ચા-વિચારણા અને વાદ-વિવાદ પછી કોઈ એક નિર્ણય ઉપર પહોંચી જાય, તો પછી તેના વર્તુળની બહાર મતભેદોને આમ-તેમ ફેલાવાનો અર્થ એ છે કે જમાઅતના ન માત્ર સામાન્ય સભ્યો અને કારકુનો, બલ્કે તેના તંત્રીઓ અને લેખકો સૌ મતભેદોની ચર્ચામાં પડી જાય અને એક-એક વિષય ઉપર બે-બે અને ત્રણ-ત્રણ જૂથબંદીઓ ઊભી થઈ જાય તથા પોતાનાં અને પારકાં બધામાં એ ચર્ચા થાય કે વિખરાવ અને તૂટફૂટ પેદા થઈ ગઈ છે. આવા વાતાવરણનું પરિણામ વધારે તૂટફૂટ અને વિખરાવ હોય છે. આ બધું સામાન્ય રાજકીય પક્ષોના ખેલતમાશા છે, તહેરીકે ઈસ્લામીમાં આ બધું ચાલતું નથી. અત્યાર સુધીનો ઈતિહાસ સાક્ષી છે કે આપણા કારકુનોની વિશાળ સંખ્યા તરફથી ક્યારેય કોઈ મતભેદ અને તૂટફૂટનું તોફાન નથી ઉઠ્યું, બલ્કે એક-બે વખત જે પણ આંધી પેદા થઈ હતી તે ઉપરવાળા તરફથી પેદા થઈ હતી.

સત્તરમી વાત એ છે કે અમારા જમાનામાં રજાની કોઈ કલ્પના નહોતી. અમે હંમેશા અને પ્રત્યેક ક્ષણે ડ્યૂટી ઉપર હોતા. કામનું આકર્ષણ અમને બાંધી રાખતું હતું. જ્યાં પણ જતા હતા, જાણે ડ્યૂટી ઉપર જતા હતા. દાઈ (આવાહક) માટે હકીકતમાં કોઈ રજા નથી હોતી, અમારા માટે જાણે - ઉસકો છુટ્ટી ન મિલી, જિસને સબક યાદ કિયા - જેવું હતું.

છેલ્લી વાત એ છે કે અમે દુનિયાની ચમક-દમકથી પ્રભાવિત

થતા નહોતા. દુનિયા અમારા ઈમાનની શક્તિ સામે તુચ્છ લાગતી હતી. એ હકીકત હંમેશા મનમાં રહેતી હતી કે દુનિયા એક અવાસ્તવિક અને નાશવંત વસ્તુ છે, તેથી તેનાથી કદી પ્રભાવિત થતા નહોતા, ન તેની ઝાકઝમાળ અને પ્રકોપથી અને ન તેની સુંદરતાથી. દુનિયાને તુચ્છ સમજવાની ભાવના હંમેશા દૃઢ રહેવી જોઈએ. આ વસ્તુ અમને દા'વત માટે નીડર બનાવતી હતી. કોઈથી ડર નહોતો લાગતો અને ન કોઈ પરેશાની ઊભી થતી. એ પ્રશ્ન પણ કદી નહોતો સતાવતો કે ખૂબ સમય વિતી ગયો છે, મંજિલ હજુ સુધી નજીક કેમ નથી આવી ! અમે સમજી લીધું હતું કે 'શોહદા અલન્નાસ' (લોકો સમક્ષ ઈસ્લામની સાક્ષી આપનારા) થવું સ્વયં એક બુલંદ સ્થાન છે.

આ તમામ વાતોનો હેતુ એ છે કે મૌલાના સૈયદ અબૂલઆ'લા મૌદૂદી રહ.એ નક્કી કરેલ કાર્ય અને તૈયાર કરેલ કારકુનોનું અનુકરણીય ઉદાહરણ, ધોરણ અને માપદંડ આપણા સામે રહે. આનાથી એવું દર્પણ તૈયાર થઈ જાય કે જેમાં આપણે આપણાં ચહેરાના ડાઘ-ધબ્બાઓ પ્રસંગોપાત જોતા રહીએ. આપણે આપણી તુલના હંમેશા પહેલી ઈંટ અને પહેલા થરથી કરતા રહેવું જોઈએ.

યાદ રાખો ! પતન કદાપિ ઢંઢેરો પીટીને નથી આવતું. તે દબાયેલા પગલે આવે છે. એક-એક કણ સરકતો રહે છે, ત્યારબાદ અમુક મુદ્દત વિતી ગયા પછી દીવાલ પડે છે. તેની અગાઉ કોઈ જાણકારી નથી હોતી, અચાનક સમય આવે છે અને પતનની પ્રક્રિયા તબાહીનું પોતાનું ભયાનક રૂપ પ્રસ્તુત કરે છે. આપણે, જેઓ અલ્લાહ અને રસૂલ સલ્લ.નું નામ લેવાવાળા અને તેમના દામનને પકડી રાખનારા છીએ, હંમેશા આપણું આત્મ-નિરીક્ષણ

કરતા રહેવું જોઈએ. આપણા અંદર સુધારણાની ભાવના હોય, નિખાલસ ઈરાદો હોય અને આપણું નૈતિક ધોરણ અને આવાહક તરીકેનું ચરિત્ર હંમેશા બરક઼રાર રહેવું જોઈએ.

હું અલ્લાહત્આલાથી દુઆ કરું છું કે જે નિયત અને ઈરાદાથી મેં આ નિવેદન પ્રસ્તુત કર્યું છે, એ જ નિયત અને ઈરાદાથી આપણાં હૃદય તેને કબૂલ કરે; આમીન, સુમ્મ આમીન !